| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ : | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ : | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| સમય : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**નડીયાદના મહેરબાન સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને સ્પે.પોકસો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડીયાદ.**

ફોજદારી પરચુ. અરજી નં.૨૫૧/૨૦૨૬
આંક :

**અરજદાર :–** **સતિષકુમાર રંગીતસિંહ પઢીયાર**
ઉ.વ.૨૦, ધંધો–ખેત મજુરી,
રહે. ઠે. ખાખરીયા વિસ્તાર, મુ.પો. રાણીયા,
તા. ઠાસરા, જી. ખેડા.
(હાલ જીલ્લા જેલ, બિલોદરા)

**– વિરૂધ્ધ –**

**સામાવાળા :–** **ગુજરાત રાજય સરકારશ્રી,**

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૪૮૩ અન્વયે જમીન અરજી.**
**(ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન માટે અરજી)**

..................................................................

અરજદારો/આરોપી તરફે વિ.વ.શ્રી જી.એલ. પરમાર
સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી પી.આર. તિવારી

..................................................................

**-:: <u>હુકમ</u> ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ડાકોર પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં.**૧૧૨૦૪૦૨૧૨૫૦૪૮૧/૨૦૨૫** થી ભારતીય ન્યાય સંહિતાની કલમ**-૮૭, ૬૪(૨)(એમ), ૧૩૭(૨)** તથા પોકસો એકટની કલમ-**૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૭, ૧૮** મુજબના ગુન્હાના કામે તેઓની અટક થયેલ હોય અને ત્યારથી હાલના અરજદાર/ આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૩ અન્વયે જામીન મુકત થવા માટે હાલની અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી પી.આર. તિવારી હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરૂધ્ધનું સોગંદનામુ રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી નાઓએ તેઓની રજુઆતમાં ભારપૂર્વક જણાવેલ છે કે, અરજદારે ફરીયાદમાં આક્ષેપ મુજબનો કોઈ ગુન્હો આચરેલ નથી અને તેઓને ફકત શંકાના આધારે પકડવામાં આવેલ છે. અરજદાર સામે સમગ્ર ફરીયાદ હકીકત ધ્યાને લેતા

પ્રથમદર્શનીય રીતે આક્ષેપિત ગુનાને લગતી વ્યાખ્યા મુજબના કોઈ આવશ્યક તત્વો જણાઈ આવતા નથી એટલે કે પ્રથમદર્શનીય રીતે અરજદારો સામે કોઈ ગુન્હો બનતો નથી તેમજ તમામ આક્ષેપો ખોટાં અને પાયાવિહોણા છે. અરજદાર અને ભોગ બનનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. અરજદાર કુંવારા છે અને ખેતી તથા મજુરી કરી તેઓના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓના મા-બાપ અને બે બહેનોના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે. ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. કોર્ટમાં પોકસો કેસ નં. ૭/૨૦૨૬ થી ચાર્જશીટ દાખલ કરી દીધેલ છે. જેથી વધુ તપાસના કામે અરજદારની જરૂરીયાત રહેતી ના હોય પુરાવા સાથે ચેડા થવાનો કોઈ સંભવ રહેતો નથી. આ કામના અન્ય સહઆરોપીઓએ કરેલ જામીન અરજી ગુણદોષ ઉપર મંજુર થયેલ છે. અરજદાર ૨૦ વર્ષની નાની ઉંમરના છે, ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર ઠાસરા તાલુકાના કાયમી રહેવાસી હોય, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ હોય, જેથી તેઓને જો જામીન પર મુકત કરવામાં ના આવે તો તેઓને ખોટી રીતે લાંબો સમય જેલમાં રહેવું પડે તેમ હોય, આ સંજોગોમાં અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆત કરેલી છે.

(૪) ઉપરોકત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી પી.આર. તિવારી હાજર થઈ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં ભારપૂર્વક જણાવેલ છે કે, આ કામના અરજદાર /આરોપી સતિષકુમાર પઢીયારનાએ ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૧૬ વર્ષ ૩ માસ ૦૫ દિવસ નાનીને લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ અવારનવાર શરીર સંબંધ બાંધી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. હાલના અરજદાર/આરોપી જાણતા હતા કે, ભોગ બનનાર સગીર વયની છે તેમ છતાં તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરેલ છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલા નથી. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની પુરેપુરી શકયતા હોય, નાસી-ભાગી જાય, ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ ન હોય, જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની અરજી રદ્દ કરવા માંગણી કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને પક્ષકારોના વકીલોની દલીલો સાંભળી તેમજ અરજી સાથે સામેલ રાખેલ દસ્તાવેજો, કેસ પેપર્સ તેમજ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વંચાણે લીધું. હાલના કામે ફરીયાદની હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપી સતિષકુમાર

પઢીયારનાએ ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૧૬ વર્ષ ૩ માસ ૦૫ દિવસ નાનીને લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ અવારનવાર શરીર સંબંધ બાંધી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી જાણતા હતા કે, ભોગ બનનાર સગીર વયની છે તેમ છતાં તેણીની મરજી વિરૂધ્ધ અવારનવાર દુષ્કર્મ કરેલ હોય, જેથી અરજદારની જામીન અરજી રદૃ કરવા અરજ કરેલ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર અને અરજદાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. અરજદાર/આરોપી ૨૦ વર્ષની નાની ઉંમરના કુંવારા છે. ઠાસરા તાલુકાના સ્થાનિક રહેવાસી હોય, ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી દીધેલ છે જેથી પણ અરજદાર/આરોપીની તપાસના કામે જરૂરીયાત રહેતી ન હોય જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો અને સં જોગો ધ્યાને લેતા આ કામના અરજદાર તા. ૧૧/૧૨/૨૦૨૫ થી કસ્ટડીમાં છે, સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે, સદર કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, અરજદાર/આરોપી નાની ઉં મરના છે. ગુનાહિત ઈતિહાસ નથી, ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ છે. જેથી અરજદાર /

આરોપીની તરફેણમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ (ક્રિ.પ્રો. કો. કલમ ૪૩૯)અન્વયેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતો હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧. આ કામના અરજદાર /આરોપી **સતિષકુમાર રંગીતસિંહ પઢીયાર** નાઓને ડાકોર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નંબર:**૧૧ ૨૦૪૦૨૧૨૫૦૪૮૧/૨૦૨૫** મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની સદર ફોજદારી પરચુરણ અરજી નં.**૨૫૧ /૨૦૨૬** આથી **મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) નાં સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આ પ્યેથી ઉપરોકત ગુન્હામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

**એ.** અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપવી નહી.

**બી.** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા, કરાવવા નહી.

**સી.** અરજદાર/આરોપીએ પોલીસ તપાસના કામે સહકાર આપવો.

**ડી.** અરજદાર/આરોપીએ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ્દ છોડવી નહી.

**ઈ.** અરજદાર/આરોપી પાસે પાસપોર્ટ હોય તો સંબંધિત કોર્ટમાં એક અઠવાડીયામાં જમા કરાવવો અને જો ના હોય તો તે અં ગેનું
સોગંદનામુ કરવુ.

**એફ.** અરજદાર/આરોપીએ પોતાનું રહેણાકનું સરનામુ તપાસ કરનાર અમલદાર તથા કોર્ટને પુરુ પાડવુ અને કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહી.

**જી.** અરજદાર / આરોપીએ સદર ગુન્હાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી અંગ્રેજી મહીનાના ૧લી તારીખે સંબંધિત પો.સ્ટે.માં સવારે ૧૦/૦૦ થી ૧૩ /૦૦ દરમ્યાન હાજરી પુરાવવી.

આ અરજીમાં જે કારણો આપેલા છે તે પ્રાથમિક કારણો હોય કેસના ગુણદોષને અસર કરતા રહેશે નહીં.

**૩.** અરજદાર/ આરોપીએ જામીન અત્રેની અદાલતમાં આપવા.

**૪.** આ હુકમની જાણ સંબંધિત પો.સ્ટે તથા જીલ્લા જેલરશ્રીને કરવી.

આ હુકમ આજરોજ તારીખ:**૧૩મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ.
તા. ૧૩/૦૩/૨૦૨૬

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને
સ્પે. પોકસો જજ, ખેડા–એટ–નડીયાદ.
(જયુડી. કોડ નં. જીજે.૦૧૬૦૦)

(/મિશ્રા)